**<u>ક્રિમીનલ કેસ નંબર ૪૫૭૮૫/૨૦૧૩</u>**

**<u>આંક ૧ લગત હુકમ</u>**

સદર કામે આરોપી સામે પ્રોહી એકટની કલમ ૬૫ઈ/૬૫ એ એ/૬૫એઈ મુજબનુ ચાર્જસીટ આ કામે રજુ કરવામા આવેલ છે. આરોપીને સમન્સ કરતા આજરોજ આરોપી હાજર રહેલ છે. આજરોજ સ્પે.સીટીગના પાવર્સ આ કોર્ટને આપવામા આવેલ છે. આરોપીને ગુન્હા બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનુ જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ શખેલ છે તેની વિગતો વંચાણે લેતા આરોપી સ્વેચ્છીક કબુલાત કરતા હોવાનુ ફલીત થાય છે આરોપીને આઈડેન્ટીફાઈ કરવામા આવેલ છે આરોપી સામેનુ ચાર્જસીટ જોતા આરોપીનો કોઈ ગુનાહીત ઈતીહાસ હોવાનુ ફલીત થતુ નથી કેસના સંજોગો આરોપીની કેફીયત અને તેની કોટંબીક જવાબદારી ને ધ્યાને લેતા તથા તે સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોઈ તે તમામ હકીકત ને નિગાહે લેતા અને આ કામે ગુનાની ગંભીરતા અને કાયદામા ફરમાવેલ ગુના ની સજાની જોગવાઈ ને ધ્યાને લેતા ન્યુનતમ સજા બાબતની જોગવાઈ કરવામા આવેલ છે. પરતુ તે તમામ હકીકત ની સાથે સાથે આરોપીની વર્તણુક અને તેની સામે અન્ય કોઈ ગુના નોધાયેલા હોય તેવુ હાલ કોઈ પુરાવો આ કામે ચાર્જસીટ સાથે રજુ રાખેલ ન હોય તે તમામ હકીકત અને આરોપીની આર્થિક તેમજ કોટૂબીક પરિસ્થિતિ અને જવાબદારીને ધ્યાને લેતા તેમજ નામદાર વડી અદાલતના નટવર હરચંદ સ્ટેટના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાત ને ધ્યાને લેતા કોર્ટ કેસના સંજોગો અને આરોપીની સ્થિતી ને ધ્યાને લઈ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકવાને સક્ષમ છે તેવા નામદાર વડી અદાલતના અવલોકનને ધ્યાને લેતા અને હાથ પરના કેસના સજોગો જોતા તે આ કેસમા લાગુ પાડી શકાય તેમ હોવાનુ આ કોર્ટનુ માનવુ હોઈ આરોપીને કાયદામા ફરમાવેલ ન્યુનતમ સજા ને બદલે ઓછી સજા કરવામા આવે તો યોગ્ય અને ન્યાયોચીત જણાશે તેવુ આ કોર્ટનુ માનવુ હોઈ ન્યાયના હીતને ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

***<u>હુકમ</u>***

આરોપી **(૧) હરીશભાઈ ઉર્ફે ભજીયો પ્રકાશરાવ જાધવ રહે. ૩૦૧ અર્ચના એપાર્ટમેન્ટ કહાર મોહલ્લો નવાપુરા (૨) મયુર રાજાભાઈ ચૌધરી રહે. એસ.એસ.સી.બોર્ડની સામે, નવાપુરા નાઓ**ને મજકુર ગુના સબબ સી.આર.પી.સી કલમ ૨૫૨ અન્વયે તકસીર વાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને **રૂા. ૫૦૦/– અંકે રુપિયા પાંચસો પુરા લેખે કુલ્લે રૂા.૧૦૦૦/–અંકે રૂપિયા એક હજાર** પુરા ભરપાઈ કરવાનો હુકમ ફરમાવુ છુ. જો આરોપી દંડની રકમ ભરવામા ઈન્કાર કરે તો વધુ દિન ૨ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

વધુમાં જે પે આરોપી પાસેથી કબજે કરવામાં આવેલ મોબાઈલ તથા એકટીવા અંગે જો વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમી રાખવામાં આવે છે અને જો નહિ કરવામાં આવેલ હોય તો ત. ક. અ. માલીકીની ખરાઈ કરી જે તે આરોપીને સુપ્રત કરવાનો હુકમ કરવામાં આવે છે અને બીન કિંમતી મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ: ૧૦ મી, માહે–જુલાઈ સને–૨૦૨૧ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો

વડોદરા
તા. ૧૦/૦૭/૨૦૨૧

**(ડી.એમ.ચાંપાનેરીયા)**
કોડ નં.જી.જે.૦૧૧૭૭
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.

**પાવતી નંબર**
**રૂપિયા ૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા)**
**તા.૧૦/૦૭/૨૦૨૧**